અપીલ અરજી નં.૬૪ તા.૨૧–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ–ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩૦–૪–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ બેલદારો અને સફાઈ કામદારોની તા.૨૧–૧૧–૦૯ની જાહેરાતનાં પી.આર.ઓ ૩૫૭ માં કુલ અરજી ફોર્મનું વિતરણ ૮૬,૪૯૦ આપની કચેરીએ જણાવેલ છે. જેમાંથી કેટલી સંખ્યામાં અરજી ફોર્મ ભરાયને પરત આવેલાની, કેટલા અરજી ફોર્મ રીક્રુટમેન્ટ વિભાગનાં કયા અધિકારીએ કુલ રીજેકટ કર્યાની સંખ્યાની, બાકી બચેલા કેટલી સંખ્યાના ઉમેદવારોનાં ઈન્ટરવ્યુ કાઢયાની સંખ્યાની માહિતીની નકલ વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૧–૫–૧૦ ની **SMC/FAP/** નં.૬૪/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩૦–૪–૧૦ની અરજીથી મુદ્દા નં.૧ બેલદારો અને સફાઈ કામદારોની તા.૨૧–૧૧–૦૯ની જાહેરાતનાં પી.આર.ઓ ૩૫૭ માં કુલ અરજી ફોર્મનું વિતરણ ૮૬,૪૯૦ આપની કચેરીએ જણાવેલ છે. જેમાંથી કેટલી સંખ્યામાં અરજી ફોર્મ ભરાયને પરત આવેલાની, કેટલા અરજી ફોર્મ રીક્રુટમેન્ટ વિભાગનાં કયા અધિકારીએ કુલ રીજેકટ કર્યાની સંખ્યાની, બાકી બચેલા કેટલી સંખ્યાના ઉમેદવારોનાં ઈન્ટરવ્યુ કાઢયાની સંખ્યાની માહિતીની નકલ વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે ઈ.ચા. પર્સોનલ ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ ના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૫૧ તા.૧૦–૫–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૮૪ તા.૨૯–૫–૧૦ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જીએડી/ઈએસટી/આર/૪૩૪ તા.૩–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટને તબદીલ કર્યા અંગેની પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૮૫ તા.૪–૫–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૫૧ તા.૧૦–૫–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૩૦–૪–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી પર્સોનલ ઓફિસર (આર)ને સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક૧૮૫ તા.૪–૫–૧૦ થી પર્સોનલ ઓફિસર (રીક્રુટમેન્ટ)ને તબદીલ કરવામાં આવેલ.જેમાં મુદ્દા નં.૧ બેલદારો અને સફાઈ કામદારોની તા.૨૧ –૧૧–૦૯ની જાહેરાતનાં પી.આર.ઓ ૩૫૭ માં કુલ અરજી ફોર્મનું વિતરણ ૮૬,૪૯૦ આપની કચેરીએ જણાવેલ છે. જેમાંથી કેટલી સંખ્યામાં અરજી ફોર્મ ભરાયને પરત આવેલાની, કેટલા અરજી ફોર્મ રીક્રુટમેન્ટ વિભાગનાં કયા અધિકારીએ કુલ રીજેકટ કર્યાની સંખ્યાની, બાકી બચેલા કેટલી સંખ્યાના ઉમેદવારોનાં ઈન્ટરવ્યુ કાઢયાની સંખ્યાની માહિતીની નકલ. મુદ્દા નં.૨ સદર જાહેરાતના કેડરના લાયકાત ઉમેદવારોની પસંદગી કરનાર રીક્રુટમેન્ટ વિભાગના અધિકારીનું નામ અને શૈક્ષણિક સર્ટીફીકેટની નકલ સહિતીની માહિતી. મુદ્દા નં.૩ સદર જાહેરાતના લાયક ઉમેદવારોના ઈન્ટરવ્યુ કઈ તારીખથી કઈ તારીખ સુધીની કુલ સંખ્યાની સાત ઝોનના ઈન્ટરવ્યુ લેનાર અધિકારીઓના નામ અને શૈક્ષણિક સર્ટીફીકેટની નકલ સહિતની માહિતી.મુદ્દા નં.૪ સદરહુ જાહેરાતના લાયક ઉમેદવારોમાં કેટલી શૈક્ષણિક લાયકાત અને અનુભવ પ્રમાણપત્રોની ગણતરી કરવામાં આવેલ હોય તે અંગેની માહિતીન નકલ. મુદ્દા નં.૫ સદર જાહેરાતમાં કુલ કેટલા લાયક ઉમેદવારોના સાત ઝોનમાંથી ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા જેની કુલ સંખ્યાની માહિતીની નકલની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી "મુદ્દા નં.૧ ની માહિતી પૈકી રીક્રુટમેન્ટની કચેરીએ ભરાયને પરત કુલ ૪૩,૨૨૫ અરજી ફોર્મ મળેલ છે. વધુમાં વિશેષ માહિતી કલમ–૮(૧)(ટ) અન્વયે કાર્યવાહી ચાલુ હોય હાલમાં કોઈ માહિતી આપી શકાય તેમ નથી. " તેવું જણાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૧–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૧ અંગેની માહિતી પૈકી કેટલા અરજી ફોર્મ રીજેકટ કર્યા અંગેની માહિતી, કેટલા ઉમેદવારોના ઈન્ટરવ્યુ કાઢયા અંગેની માહિતીની નકલ પણ પૂરી પાડેલ નથી. બાકીના મુદ્દા નં.૨ અને ૫ અંગેની માહિતીમાં હાલમાં કોઈ માહિતી આપી શકાય તેમ નથી અને હાલમાં કઈ બાબતની કાર્યવાહી ચાલુ હોય તે જણાવેલ નથી. તેવી અપીલમાં રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ અરજદારને સદર જાહેરાત સંદર્ભે વિતરણ થયેલ ફોર્મઅંગેની માહિતી અરજદારને પૂરી પાડેલ છે. જયારે અન્ય માહિતી આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ટ) કાર્યવાહી ચાલુ હોઈ માહિતીનો ઈન્કાર કરેલ છે. વધુમાં પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તા.૨૬ થી ૨૮–૪–૧૦ દરમ્યાન જાહેરાતની વિગતે લાયક ઉમેદવારોના ઈન્ટરવ્યુ ઝોન વાઈઝ લેવાયેલ હોવાનું જણાવેલ છે. પરંતુ તે કાર્યવાહી આખરી થયેલ ન હોઈ હાલના તબકકે માહિતી જાહેર કરવા અસમર્થતા દર્શાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ટ) ની જોગવાઈ અનુસાર અધિકારીઓના મંત્રણાના રેકર્ડ સહિત પેપર આપવાના રહેશે નહીં, નિર્ણયો કે તેના કારણો જે બાબતના આધારે નિર્ણય લેવામાં આવ્યા હોય તે નિર્ણય લીધા પછી અને બાબત પૂરી સંપૂર્ણ થઈ ગઈ હોય

ત્યારે જ જાહેર કરવા જોઈશે વધુમાં આ કલમમાં નિર્દિષ્ટ કરેલ મુકિત હેઠળ જે બાબત આવતી હોય તે જાહેર કરવી જોઈશે નહીં તેવી જોગવાઈ છે. આથી આ બાબતે સદર કાર્યવાહી અંગેના નિર્ણય કે તેના કારણે અપવાદ હેઠળ જાહેર માહિતી અધિકારીએ કરેલ ઈન્કાર તેટલા પૂરતો ગ્રાહય રાખવા પાત્ર ઠરે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૩૦–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી કામદારોની ભરતીની કાર્યવાહી ચાલુ હોય જે બાબતે જાહેર માહિતી અધિકારીએ કલમ–૮(૧)(ટ) હેઠળ લીધેલ નિર્ણયને બહાલ રાખવામાં આવે છે. કાર્યવાહી સંપન્ન થયા બાદ કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અલાયદી અરજી કરી સદર માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,